મધ્ય પૂર્વમાં ઇરાન, ઇઝરાયેલ અને અમેરિકા વચ્ચે વધતા તણાવ અને સૈન્ય અથડામણની પરિસ્થિતિને કારણે ચિંતા વધી

# ઈરાનમાં ફસાયા દ.ગુ.ના 77 ખલાસી

**પરિવારોમાં** ચિંતા અને વતન વાપસી માટે નવસારીના સાંસદને રજૂઆત

**દક્ષિણ** ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાંથી 700થી વધુ ભારતીયો હાલ ઇરાનમાં અટવાયેલા



### ગણદેવી તાલુકાનાં ફસાયલા યુવાનો

૧. મનોજકુમાર સણીયાભાઈ ટંડેલ (ભાટ ગણદેવી) ૨. મુકેશભાઈ ડાયાભાઈ પટેલ (બીગરી મસ્કરા ફળિયા) ૩. માઇસભાઈ રામદાસભાઈ ટંડેલ (ભાટ, ગણદેવી) ૪. હેમંતકુમાર નરોત્તમ ટંડેલ (ધોલાઈ સાલાબેટ) ૫. શ્લોકકુમાર ભરતભાઈ ટંડેલ (ભાટ, ગણદેવી)

નવસારી, બીલીમોરા : મધ્ય પૂર્વમાં વધતા તણાવની અસર હવે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા સુધી પહોંચી ગઈ છે. રોજગારની શોધમાં ઈરાન ગયેલા નવસારી, વલસાડ અને સુરત જિલ્લાના આશરે 77 ખલાસીઓ હાલ યુદ્ધ જેવી પરિસ્થિતિમાં ફસાઈ ગયા છે. દરિયો સામે હોવા છતાં જીવન જાણે થંભી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સુરક્ષા કારણોસર દરિયામાં માછીમારી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે અને બોટોને કિનારે જ રોકી દેવામાં આવી છે. રોજ કમાઈને પરિવારનું ગુજરાન ચલાવતા ખલાસીઓ આજે રોજગાર વિના અને અનિશ્ચિતતાના ભયમાં જીવી રહ્યા છે. એક તરફ આર્થિક સંકટ અને બીજી તરફ પરિવારથી દૂર રહેવાનો દુઃખ આ બન્ને વચ્ચે તેઓ સંઘર્ષ કરી રહ્યા છે.

બીજી તરફ, દક્ષિણ ગુજરાતના બીગરી, ભાટ, ગણદેવી સહિતના વિસ્તારોમાં પરિવારો માટે દરેક ક્ષણ ભારે બની રહી છે. ફોન પર આવતો દરેક કોલ આશા અને ભય વચ્ચે ઝુલતો રહે છે. ખલાસીઓ સોશિયલ મીડિયા મારફતે એક જ સંદેશ આપી રહ્યા છે "અમને સુરક્ષિત રીતે ઘરે લાવો."

માછીમાર સમાજના આગેવાનો મુજબ, માત્ર દક્ષિણ ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાંથી 700થી વધુ ભારતીયો હાલ ઈરાનમાં અટવાયેલા છે. આ ગંભીર મુદ્દે વિદેશ મંત્રી એસ. જયશંકર, નવસારીના સાંસદ સી.આર. પાટીલ અને રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ સુધી રજૂઆતો કરવામાં આવી છે.

હવે આ મુદ્દો માત્ર રોજગારનો નથી, પરંતુ જીવન અને સુરક્ષાનો છે. દક્ષિણ ગુજરાતના પરિવારો સરકાર તરફ આશાભરી નજરે જોઈ રહ્યા છે કે એરલિફ્ટ કે અન્ય કોઈ વિકલ્પ દ્વારા તેમના સ્વજનોને વહેલી તકે સલામત રીતે વતન પરત લાવવામાં આવે.

# ચીખલી હાઇવે પર ડાયવર્ઝનથી ચાર ટ્રક વચ્ચે અકસ્માત

**હાઇવે** ઓથોરિટી દ્વારા માત્ર ડાયવર્ઝનનું બોર્ડ મૂકી દેતા રોજ પસાર થતા હજ્જારો વાહન ચાલકોને હાલાકી વેઠવાની નોબત







'ગુજરાતમિત્ર'એ વ્યક્ત કરેલી અકસ્માતની ભીતિ સાચી ઠરી

ઘેજ : ચીખલી નેશનલ હાઇવે પર ડાયવર્ઝન વચ્ચે ચાર ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

ચીખલી હાઇવેના આલીપોર ઓવરબ્રિજ નીચે પેવર બ્લોક નાંખવાનું કામ ચાલી રહ્યું હોય ત્યારે હાઇવે ઓથોરિટી દ્વારા માત્ર ડાયવર્ઝનનું બોર્ડ મૂકી દેતા હજ્જારોની સંખ્યામાં ત્યાંથી નવસારી, સુરત, ભરૂચ તરફ ખનીજ ભરેલા વાહનો તેમજ અન્ય વાહનોને હાલાકી વેઠવાની નોબત આવી છે.

આલીપોર ઓવરબ્રિજ નીચે ડાયવર્ઝનને પગલે તથ્ય ફાર્મસી કોલેજ પાસે મધ્યમાં આવેલા કટ પાસેથી શનિવારે બપોરે ભારે વાહનો રોડ ક્રોસ કરી રહ્યા હતા તે દરમ્યાન મુંબઇથી સુરત તરફ જતા હાઈવે ઉપર આવી રહેલા ટેમ્પો નં આરજે-૧૪-જીક્યુ-૮૩૪૪ એ બ્રેક મારતા પાછળ આવી રહેલો આઇસર ટેમ્પો નં-એમએચ-૦૩-ઇએલ-૯૭૧૪ તથા કન્ટેનર નં-એનએલ-૦૧-એએચ-૩૬૦૦ તેમજ અન્ય એક કન્ટેનર નં-એનએલ-૦૧-એજે-૧૫૩૬ પાછળથી ધડાકાભેર એકબીજા સાથે અથડાતા એકસાથે ચાર ટ્રકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જોકે અકસ્માતમાં ટ્રકોના કેબિનના ભાગને નુકસાન થવા પામ્યું હતું. જ્યારે ચારેય ટ્રક ચાલકોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતને પગલે નેશનલ હાઇવે પર ટ્રાફિક જામને ચીખલી પોલીસ સ્થળ ઉપર પહોંચી ટ્રાફિક હળવો કરી વાહન વ્યવહાર પુન: કાર્યરત કરાવ્યો હતો.

# હરણગામમાં તળાવ ખોદકામ મુદ્દે તંત્ર સામે ગ્રામજનોનો વિરોધ

**૩૦૦થી** વધુ ખેડૂતોની સહી સાથે ખાણ-ખનીજ વિભાગને પરવાનગી અટકાવવાની માંગ

ઘેજ : ચીખલી તાલુકાના હરણગામ ના ઐતિહાસિક દેસાઈ તળાવને લઈને વિવાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. તળાવ ઊંડું કરવાની શક્ય કાર્યવાહી સામે ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે અને તંત્ર સામે કડક વિરોધ નોંધાવ્યો છે. ચીખલી તાલુકા વિકાસ અધિકારી સામે વિરોધ નોંધાવ્યો હતો. જ્યારે હવે ગામના ૩૦૦થી વધુ ખેડૂતોની સહી સાથે જિલ્લા ખાણ-ખનીજ વિભાગને રજૂઆત કરી તળાવમાં ખોદકામની પરવાનગી ન આપવા માંગ કરી છે.

દેસાઈ તળાવ ૧૮૧ હેક્ટરમાં ફેલાયેલું છે અને વર્ષોથી ગામના લોકો, પશુઓ અને ખેડૂતો માટે પાણીનો મુખ્ય આધાર રહ્યું છે. આવી પરિસ્થિતિમાં ખોદકામથી તળાવની કુદરતી રચના, પાણી સંગ્રહ ક્ષમતા અને પર્યાવરણ પર ગંભીર અસર થવાની ભીતિ વ્યક્ત કરાઈ છે. આ મામલે ગ્રામજનો દ્વારા કલેક્ટર સહિતના અધિકારીઓને હસ્તક્ષેપ કરી ખોદકામની પ્રક્રિયા સ્થગિત રાખવાની માંગ કરી છે. હવે તંત્ર લોકોના આક્રોશને સમજશે કે ફરી એકવાર પ્રજાના અવાજને અવગણશે તે જોવું રહ્યું. જો કે હરણગામ ગ્રામ પંચાયત દ્વારા બે વ્યક્તિ/એજન્સીને તળાવમાંથી માટી ખોદકામ માટે ઠરાવ આપતા વિવાદ થયો હોવાનુ અને મામલો કોર્ટમાં જવાની શક્યતા જણાઇ રહી છે.

# કોલેજનો વિદ્યાર્થી દારૂનું કાર્ટિંગ કરતા ઝડપાયો

**નવસારી** એલસીબી પોલીસે ૫.૭૨ લાખ રૂપિયાના મુદ્દામાલ કબ્જે કરી બેને વોન્ટેડ જાહેર કર્યા

ઘેજ : નવસારી એલસીબીના પીઆઈ-વી.જે.જાડેજા, એસ.વી. આહીર, હે.કો ગણેશ દીનું, યુવરાજસિંહ જુવાનસિંહ, બ્રિજેશ સતિષચંદ્ર, પો.કો-તાહિરઅલી શાહબુદ્દીન, કિરણ ભગુભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન બાતમી મળી હતી કે કણભઈના દેસાઈ ફળીયા રાજુ પટેલના મકાનની બાજુમાં પેજારીમાં દારૂનું કાટીંગ કરી રહ્યા છે. જેના આધારે એલસીબીએ રેડ કરતા અમન પટેલ (રહે. સારવણી) ને ઝડપી પાડ્યો હતો.

બાદમાં પજારીમાં તલાસી કરતા દારૂ, વોડકા, ટીન-બિયરની બોટલ નંગ-૧૩૨૦ તેમજ કાટીંગમાં વપરાયેલી ટાટા એસીઈ મળી કુલ ૫,૭૨,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો મંગાવનાર અને ભરી આપનાર પ્રિયંક ઉર્ફે લાલુ પટેલ (રહે.સારવણી) તથા રાજુ પટેલ (રહે.કણભઈને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ નવસારી એલસીબીના પીઆઈ-એસ. વી.આહીર કરી રહ્યા છે.

# રેતીખનન પર ખાણ ખનીજના દરોડા

**બીલીમોરામાં** લાખોનો સામાન સીઝ કર્યો હોવાની ચર્ચા પણ તંત્ર દ્વારા કોઈ સત્તાવાર માહિતી નથી

બીલીમોરા : બીલીમોરામાં અંબિકા નદી કિનારે ચાલતા કથિત રેતી ખનન પર ખાણ ખનીજ વિભાગનો દરોડા પાડી લાખોનો સામાન સીઝ કર્યો હોવાની ચર્ચા થઈ રહી છે પણ તંત્ર દ્વારા હજી સુધી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

બીલીમોરામાં અંબિકા નદી કિનારે સ્મશાન ભૂમિની પાછળ ચાલી રહેલા રેતીખનન પર ખાણ ખનીજ વિભાગે સપાટો બોલાવ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં ગેરકાયદે ખનન થતું હોવાની આશંકાએ અધિકારીઓએ મોડી સાંજ સુધી ઘટના સ્થળે તપાસ હાથ ધરી હતી. જોકે, આ કાર્યવાહી અંગે હજુ સુધી ખાણ ખનીજ વિભાગ દ્વારા કોઈ સત્તાવાર પુષ્ટિ કે વિગતવાર માહિતી આપવામાં આવી નથી. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા ચાલી રહી છે કે તંત્રએ રેતી કાઢવા માટે વપરાતા લાખોની કિંમતના સાધનો અને મશીનરી સીઝ કરી છે. હાલમાં આ સમગ્ર મામલે તંત્રની સત્તાવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.





નાગરિક ઉડ્ડયન મંત્રાલય
ભારત સરકાર

સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપીને અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારીને ઉડ્ડયન ક્ષેત્રને મજબૂત બનાવવું

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડા પ્રધાનના
સ્વપ્નદૃષ્ટા નેતૃત્વ હેઠળ

ઉદ્ઘાટન/લોકાર્પણ

વિવિધ એરપોર્ટ પર ઉડાન યાત્રી કેફે, મુસાફરોની સુવિધાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન કાર્યો

શ્રી રામમોહન નાયડુ કિંજરાપુ
કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી દ્વારા



"છેલ્લા દાયકામાં ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થયું છે, જે એક વિશિષ્ટ ક્લબમાંથી વિકસીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે."
શ્રી નરેન્દ્ર મોદી
વડા પ્રધાન

રવિવાર, 29 માર્ચ, 2026 | સવારે 10:30 | રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ, ગુજરાત

**ઉડાન યાત્રી કેફે: સસ્તા નાસ્તાના વિકલ્પો પ્રદાન કરે છે** - ચંદીગઢ, અમૃતસર, રાજકોટ, જમ્મુ, વારાણસી, પટણા, ઇન્દોર, ગ્વાલિયર, જયપુર, અગરતલા અને લખનઉ.

**ડીજી યાત્રા: એરપોર્ટ પર સંપર્ક રહિત અને સીમલેસ પરિવહન** - ચંદીગઢ, દેહરાદૂન, જમ્મુ, શ્રીનગર, અગરતલા, ઇમ્ફાલ, ભોપાલ અને અમૃતસર.

**કિડ્સ ઝોન: બાળકો માટે ઇન્ટરેક્ટિવ પ્લે એરિયા** - ચંદીગઢ, આદમપુર, ભટિંડા, ખજુરાહો, જમ્મુ, દેહરાદૂન, અમૃતસર, ઇમ્ફાલ, ગ્વાલિયર અને અગરતલા.

**ફ્લાયબ્રેરી: મુસાફરી દરમિયાન વાંચનનો આનંદ** - ચંદીગઢ, આદમપુર, અમૃતસર, બરેલી, હિંડન, જમ્મુ, ખજુરાહો, પ્રયાગરાજ, શ્રીનગર, ઇમ્ફાલ, ઇન્દોર, અગરતલા, જામનગર, દેહરાદૂન, કુલ્લુ અને કિશનગઢ.

**અવસર: સ્થાનિક કારીગરોને તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરીને સશક્ત બનાવવા** - ચંદીગઢ, જમ્મુ, ખજુરાહો, કુલ્લુ (ભુંતર), વારાણસી, ઇમ્ફાલ, ઇન્દોર, ગ્વાલિયર, જબલપુર, અગરતલા અને જામનગર.

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન: એરપોર્ટની કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો** - જોધપુર, શ્રીનગર, ભુવનેશ્વર, દરભંગા, ઝારસુગુડા, ઇમ્ફાલ, ઇન્દોર અને ભોપાલ.

**વાઇ-ફાઇ: મુસાફરી દરમિયાન જોડાયેલા રહેવું** - આદમપુર, અગરતલા, આગ્રા, અલીગઢ, અમૃતસર, અયોધ્યા, આઝમગઢ, બરેલી, ભુવનેશ્વર, બીકાનેર, ચંદીગઢ, ચિત્રકૂટ, દરભંગા, દેહરાદૂન, દેવઘર, દિમાપુર, ગયા, ગોરખપુર, હિંડન, હિસાર, હોલોંગી, ઇમ્ફાલ, ઇન્દોર, જેસલમેર, જમ્મુ, ઝારસુગુડા, જોધપુર, કાંગડા (ગગ્ગલ), કાનપુર (ચકેરી), ખજુરાહો, કિશનગઢ, કુલ્લુ (ભુંતર), કુશીનગર, લેહ, લુધિયાણા, મુરાદાબાદ, પાક્યોંગ, પંત નગર, પઠાણકોટ, પટણા, પોર્ટ બ્લેયર, પ્રયાગરાજ, પૂર્ણિયા, રાયપુર, શિલોંગ, શિમલા, શ્રીનગર, તેઝુ, ઉદયપુર અને વારાણસી.




@AAI_Official @AirportsAuthorityOfIndiaOfficial @aaiofficial @airportsauthorityofindia @AirportsAuthorityofIndia

CBC 03111/13/0020/2526